**CC No.502/2025**
**(Judgement)**

| | |
|---|---|
| ચાર્જશીટ દાખલ તારીખ | ૩૧/૦૫/૨૦૨૫ |
| રજીસ્ટર કર્યા તારીખ | ૩૧/૦૫/૨૦૨૫ |
| નિકાલ કર્યા તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૯ ૨૩ |

**મહે.મહુવાના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.મહુવા, જિ.સુરત**

**ફો.કેસ.નં. ૫૦૨/૨૦૨૫**

**આંક –**

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપીઃ (૧) ધીરૂભાઈ ડાહ્યાભાઈ નાયકા,
રહે.વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું,
તા.મહુવા જી.સુરત,

(૨) તેજસભાઈ સુમનભાઈ નાયકા,
રહે.વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું,
તા.મહુવા જી.સુરત,

(૩) લીલાબેન ધીરૂભાઈ નાયકા,
રહે.વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું,
તા.મહુવા જી.સુરત,

(૪) જયશ્રીબેન રવિન્દ્રભાઈ નાયકા,
રહે.વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું,
તા.મહુવા જી.સુરત

**CC No.502/2025**
**(Judgement)**

**ગુનોઃ–બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨),૧૧૭(૨),૩૫૨,૩૫૧(૩),૫૪ મુજબ.**

---

**સરકાર તરફે એ.પી.પી.શ્રી –– એમ.યુ.પટેલ**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી –– એમ.સી.નાયકા**

---

**––//ઠરાવ//––**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૦/૩૦ વાગેના સુમારે મોજે વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું દિપકભાઈ ઉકડીયાભાઈ નાયકા નાઓના ખેતર પાસે આવેલ રસ્તા ઉપર જાહેરમાં આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાએ ફરિયાદીના પિતાજી રાજુભાઈ સુરજીભાઈ નાયકા નાઓને ખેતરમાં ઝાડ કાપવા કેમ ગયેલા તેવી શંકા કરી ફરિયાદીના પિતાજીને નાલાયક ગાળો આપી ઢીકમુકકીનો માર મારી ફરિયાદીના પિતાજી વેલાઓ કાપવા માટે લઈ ગયેલ ધારીયુ લઈ ધારીયાના લોખંડના હેન્ડલ વડે જમણા પગે તેમજ ડાબા પગે માર મારી ઈજા પહોંચાડી તેમજ આરોપી નં.૨ થી ૪ નાઓએ આ કામના ફરિયાદી તથા ફરિયાદીના પિતાજી નાઓ સાથે ગાળગલોચ કરી ઝપાઝપી કરી એકબીજાની મદદગારી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ જેથી તેઓની વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨),૧૧૭(૨),૩૫૨,૩૫૧(૩),૫૪ મુજબનો ગુનો નોંધી તેની વિરુદ્ધ તપાસ કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા ચાર્જશીટ રજીસ્ટરે લઈ આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ તેના વિ.વ.શ્રી મારફત નામ.કોર્ટમાં હાજર થતાં, બી.એન.એસ.એસ.ની કલમ – ૨૩૦ અન્વયે પોલિસ પેપર્સની નકલ પુરી

પાડવામાં આવેલ છે તથા આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી અને આરોપીઓની આંક–૦૫ થી આંક – ૦૮ સુધી પ્લી લેતા જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. આથી આરોપીઓ સામે આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી લાલુભાઈ રાજુભાઈ નાયકાની જુબાની (PW – 1) | ૧૧ |
| ૨ | સાહેદ રાજુભાઈ સુરજીભાઈ નાયકાની જુબાની (PW – 2) | ૧૩ |
| ૩ | સાહેદ નમ્રતાબેન વિજયભાઈ નાયકાની જુબાની (PW – 3) | ૧૪ |
| ૪ | સાહેદ જયાબેન પ્રકાશભાઈ નાયકાની જુબાની (PW – 4) | ૧૫ |
| ૫ | સાહેદ મીનાબેન વિનોદભાઈ નાયકાની જુબાની (PW – 5) | ૧૬ |
| ૬ | સાહેદ નરેશભાઈ સુરજીભાઈ નાયકાની જુબાની (PW – 6) | ૧૭ |
| ૭ | સાહેદ સુમિત્રાબેન નરેશભાઈ નાયકાની જુબાની (PW – 7) | ૧૮ |
| ૮ | ત.ક.અમલદાર જયેશભાઈ કોટાભાઈની જુબાની (PW – 8) | ૧૯ |

**લેખિત પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૨ |
| ૨ | ધીરૂભાઈ ડાહ્યાભાઈનું મેડીકલ સર્ટીફિકેટ | ૨૦ |
| ૩ | રાજુભાઈ સુરજીભાઈનું મેડીકલ સર્ટીફિકેટ | ૨૧ |
| ૪ | તેજસભાઈ સુમનભાઈનું મેડીકલ સર્ટીફિકેટ | ૨૨ |
| ૫ | લીલાબેન ધીરૂભાઈનું મેડીકલ સર્ટીફિકેટ | ૨૩ |
| ૬ | જયશ્રીબેન રવિન્દ્રભાઈનું મેડીકલ સર્ટીફિકેટ | ૨૪ |

| | | |
|---|---|---|
| ૭ | રાજુભાઈ સુરજીભાઈનું મેડીકલ સર્ટીફિકેટ | ૨૫ |
| ૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૬ |

(૪) ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયેલાનું આંક–૨૭ થી જાહેર કરેલ છે. ત્યારબાદ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીઓએ ફરિયાદપક્ષની મહત્વની હકીકતોનો ઇન્કાર કરી, સોગંદ ઉપર પુરાવો આપવો નથી, બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે અમારા ઉપર ખોટો કેસ કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૦/૩૦ વાગેના સુમારે મોજે વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું દિપકભાઈ ઉકડીયાભાઈ નાયકા નાઓના ખેતર પાસે આવેલ રસ્તા ઉપર જાહેરમાં આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાએ ફરિયાદીના પિતાજી રાજુભાઈ સુરજીભાઈ નાયકા નાઓને ખેતરમાં ઝાડ કાપવા કેમ ગયેલા તેવી શંકા કરી ફરિયાદીના પિતાજીને નાલાયક ગાળો આપી ઢીકમુકકીનો માર મારી ફરિયાદીના પિતાજી વેલાઓ કાપવા માટે લઈ ગયેલ ધારીયુ લઈ ધારીયાના લોખંડના હેન્ડલ વડે જમણા પગે તેમજ ડાબા પગે માર મારી ઈજા પહોંચાડી તેમજ આરોપી નં.૨ થી ૪ નાઓએ આ કામના ફરિયાદી તથા ફરિયાદીના પિતાજી નાઓ સાથે ગાળગલોચ કરી ઝપાઝપી કરી એકબીજાની મદદગારી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી

બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨),૧૧૭(૨),૩૫૨,૩૫૧(૩),૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨) શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાની ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિદ્ધાંત અનુસાર કોઈપણ ફોજદારી પ્રકારની શરૂઆતની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે ત્યારે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવાની છે. પ્રથમ અનુમાનમાં આરોપીએ કરેલ ગુનામાથી તે નિર્દોષ છે તે અનુમાન સાથે ફોજદારી પ્રકારની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવતી હોય છે. આરોપી વિરુદ્ધ કરવામાં આવતાં આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને તે જવાબદારી કોઈપણ સંજોગોમાં ઓછી થતી નથી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનાં મુલ્યાંકન સાથે ઝીણવટપુર્વક અભ્યાસ કરી નિર્ણય ઉપર પહોંચવાનું હોય છે. આમ, હાલનાં ગુનામાં આરોપી વિરુદ્ધની હકીકતો નિઃશંકપણે સાબિત કરવાં અંગેનો પુરાવો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે.

(૮) સદર કામે ફરીયાદપક્ષે સોગંદ પર તપાસેલ સાહેદો નીચે મુજબ છે.

(૮.૧) સદર કામે ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો હાલનો ગુનો પુરવાર કરવા માટે આંક–૧૧ થી ફરિયાદી લાલુભાઈ રાજુભાઈ નાયકાને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,

"બનાવ આઠેક માસ અગાઉ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતો તે વખતે મારા પિતાજી રાજુભાઈ સુરજીભાઈ નાઓ અમારા ઘરની બાજુમાં આવેલ રસ્તા ઉપરથી વેલાઓ સાફ કરતા હતા તે વખતે બુમાબુમનો અવાજ આવતા હું ત્યાં જોવા માટે ગયેલ. ત્યાં જઈને જોતા મારા પિતાજી રાજુભાઈ નાઓ સાથે અમારા મોટા પપ્પા ધિરૂભાઈ નાઓ બોલાચાલી કરતા હતા. સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ નહી. આ બનાવની મે મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. મને આજરોજ ફરિયાદ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં ફરિયાદી તરીકે મારી સહી છે જે હું ઓળખુ છું. સદર ફરિયાદને રજુ દાખલ આંક–૧૨ આપવામા આવે છે. આરોપીઓને જોયેથી ઓળખુ છું."

આમ, સદરહુ ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી.ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવતાં તેમની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડતા નથી.

ત્યારબાદ સદરહુ ફરિયાદીની આરોપીઓના વિ.વ.શ્રી દ્બારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે અમારા અને આ કામના આરોપીઓ વચ્ચે મિલકત બાબતે ઘણા સમયથી તકરારો ચાલતી આવેલી છે. એ વાત ખરી છે કે આ બનાવમાં ફક્ત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતી વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ મને કે મારા પિતાજીને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ મને કે મારા પિતાજીને નાલાયક ગાળો આપેલ નથી કે કોઈ ધિકમુક્કીનો માર મારેલ નથી.

એ વાત ખરી છે કે આ કામના આરોપીઓ અમારા સગા થતા હોય તેઓને હું ઓળખુ છું."

(૮.૨) ત્યારબાદ આંક–૧૩ થી સાહેદ રાજુભાઈ સુરજીભાઈ નાયકાને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આઠેક માસ અગાઉ બનેલો. બનાવના દિવસે હું અમારા ઘરની બાજુમાં આવેલ રસ્તા ઉપરથી વેલાઓ સાફ કરતા હતો તે વખતે મારા પિતરાઈ ભાઈ ધિરૂભાઈ ત્યાં આવેલ અને અમારી સાથે બોલાચાલી કરવા લાગેલ. સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ નહી. આ બનાવની મારા દિકરા લાલુભાઈ નાઓએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. પોલીસે મારૂ નામઠામ પુછેલ તે સિવાય મારૂ નિવેદન લીધેલ કે કેમ તે મને હાલમાં યાદ નથી. આરોપીઓને જોયેથી ઓળખુ છું."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે અમારા અને આ કામના આરોપીઓ વચ્ચે મિલકત બાબતે ઘણા સમયથી તકરારો ચાલતી આવેલી છે. એ વાત ખરી છે કે આ બનાવમાં ફક્ત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતી વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે બોલાચાલીમાં ઘણા માણસો ભેગા હોય ધક્કામુકકી થતા અમો નીચે પડી ગયેલ જેથી અમોને સામાન્ય ઈજા થયેલ. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ મને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ મને નાલાયક ગાળો આપેલ નથી કે કોઈ ધિકમુક્કીનો માર મારેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓ અમારા સગા થતા હોય તેઓને હું ઓળખુ છું."

(૮.૩) ત્યારબાદ આંક–૧૪ થી સાહેદ નમ્રતાબેન વિજયભાઈ નાયકાને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "બનાવ આઠેક માસ અગાઉ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતી તે વખતે મારા કાકા સસરા રાજુભાઈ સુરજીભાઈ નાઓ અમારા ઘરની બાજુમાં આવેલ રસ્તા ઉપરથી વેલાઓ સાફ કરતા હતા તે વખતે બુમાબુમનો અવાજ આવતા હું તથા જયાબેન ત્યાં જોવા માટે ગયેલ. ત્યાં જઈને જોતા મારા કાકા સસરા રાજુભાઈ સુરજીભાઈ નાઓ સાથે ધિરૂભાઈ નાઓ બોલાચાલી કરતા હતા. સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ નહી. આ બનાવની લાલુભાઈ નાઓએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. પોલીસે મારૂ નામઠામ પુછેલ તે સિવાય મારૂ નિવેદન લીધેલ કે કેમ તે હાલમાં મને યાદ નથી. આરોપીઓને જોયેથી ઓળખુ છું."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે આ બનાવમાં ફક્ત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતી વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ રાજુભાઈને અને તેમના દિકરા લાલુભાઈને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે નાલાયક ગાળો આપેલ નથી કે કોઈ ધિકમુક્કીનો માર મારેલ નથી."

(૮.૪) ત્યારબાદ આંક–૧૫ થી સાહેદ જયાબેન પ્રકાશભાઈ નાયકાને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આઠેક માસ અગાઉ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતી તે વખતે અમારા સંબંધી રાજુભાઈ સુરજીભાઈ નાઓ અમારા ઘરની બાજુમાં આવેલ રસ્તા ઉપરથી વેલાઓ સાફ કરતા હતા તે વખતે બુમાબુમનો અવાજ આવતા હું

તથા નમ્રતાબેન ત્યાં જોવા માટે ગયેલ. ત્યાં જઈને જોતા રાજુભાઈ સુરજીભાઈ નાઓ સાથે ધિરૂભાઈ નાઓ બોલાચાલી કરતા હતા. સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ નહી. આ બનાવની લાલુભાઈ નાઓએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. પોલીસે મારૂ નામઠામ પુછેલ તે સિવાય મારૂ નિવેદન લીધેલ કે કેમ તે હાલમાં મને યાદ નથી. આરોપીઓને જોયેથી ઓળખુ છું."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે આ બનાવમાં ફક્ત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતી વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ રાજુભાઈને અને તેમના દિકરા લાલુભાઈને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે નાલાયક ગાળો આપેલ નથી કે કોઈ ધિકમુક્કીનો માર મારેલ નથી."

(૮.૫) ત્યારબાદ આંક–૧૬ થી સાહેદ મીનાબેન વિનોદભાઈ નાયકાને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આઠેક માસ અગાઉ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતી તે વખતે અમારા સંબંધી રાજુભાઈ સુરજીભાઈ નાઓ અમારા ઘરની બાજુમાં આવેલ રસ્તા ઉપરથી વેલાઓ સાફ કરતા હતા તે વખતે બુમાબુમનો અવાજ આવતા હું ત્યાં જોવા માટે ગયેલ. ત્યાં જઈને જોતા રાજુભાઈ સુરજીભાઈ નાઓ સાથે ધિરૂભાઈ નાઓ બોલાચાલી કરતા હતા. સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ નહી. આ બનાવની લાલુભાઈ નાઓએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. પોલીસે મારૂ નામઠામ પુછેલ તે સિવાય મારૂ નિવેદન લીધેલ કે કેમ તે હાલમાં મને યાદ નથી. આરોપીઓને જોયેથી ઓળખુ

છું."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે આ બનાવમાં ફક્ત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતી વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ રાજુભાઈને અને તેમના દિકરા લાલુભાઈને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે નાલાયક ગાળો આપેલ નથી કે કોઈ ધિકમુક્કીનો માર મારેલ નથી."

(૮.૬) ત્યારબાદ આંક–૧૭ થી સાહેદ નરેશભાઈ સુરજીભાઈ નાયકાને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આઠેક માસ અગાઉ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતો તે વખતે મારા ભાઈ રાજુભાઈ સુરજીભાઈ નાઓ અમારા ઘરની બાજુમાં આવેલ રસ્તા ઉપરથી વેલાઓ સાફ કરતા હતા તે વખતે બુમાબુમનો અવાજ આવતા હું ત્યાં જોવા માટે ગયેલ. ત્યાં જઈને જોતા મારા ભાઈ રાજુભાઈ સુરજીભાઈ નાઓ સાથે ધિરૂભાઈ નાઓ બોલાચાલી કરતા હતા. સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ નહી. આ બનાવની લાલુભાઈ નાઓએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. પોલીસે મારૂ નામઠામ પુછેલ તે સિવાય મારૂ નિવેદન લીધેલ કે કેમ તે હાલમાં મને યાદ નથી. આરોપીઓને જોયેથી ઓળખુ છું."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે આ બનાવમાં ફક્ત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતી વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. એ

વાત ખરી છે કે આ કામના આરોપીઓએ રાજુભાઈને અને તેમના દિકરા લાલુભાઈને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે નાલાયક ગાળો આપેલ નથી કે કોઈ ધિકમુક્કીનો માર મારેલ નથી."

(૮.૭) ત્યારબાદ આંક–૧૮ થી સાહેદ સુમિત્રાબેન નરેશભાઈ નાયકાને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આઠેક માસ અગાઉ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતી તે વખતે મારા ફળીયામાં રહેતા રાજુભાઈ સુરજીભાઈ નાઓ તેમના ઘરની બાજુમાં આવેલ રસ્તા ઉપરથી વેલાઓ સાફ કરતા હતા તે વખતે બુમાબુમનો અવાજ આવતા હું ત્યાં જોવા માટે ગયેલ. ત્યાં જઈને જોતા રાજુભાઈ સુરજીભાઈ નાઓ સાથે ધિરૂભાઈ નાઓ બોલાચાલી કરતા હતા. સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ નહી. આ બનાવની લાલુભાઈ નાઓએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. પોલીસે મારૂ નામઠામ પુછેલ તે સિવાય મારૂ નિવેદન લીધેલ કે કેમ તે હાલમાં મને યાદ નથી. આરોપીઓને જોયેથી ઓળખુ છું."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે આ બનાવમાં ફક્ત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતી વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ રાજુભાઈને અને તેમના દિકરા લાલુભાઈને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે નાલાયક ગાળો આપેલ નથી કે કોઈ ધિકમુક્કીનો માર મારેલ નથી."

(૮.૮) ત્યારબાદ આંક–૧૯ થી તપાસ કરનાર અમલદાર જયેશભાઈ કોટાભાઈને

સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "ગઈ તારીખ ૦૪/૦૧/૨૦૨૫ ના રોજ ફરિયાદી લાલુભાઈ રાજુભાઈ નાયકા રહેવાસી–વાછાવડ ગામ, નીચલી નાયકીવાડ ફળીયુ, તા.મહુવા, જી.સુરત નાઓએ બી.એન.એસ. ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબની ફરિયાદ આપતા જે ફરિયાદ મહુવા પોલીસ સ્ટેશન અમલદારે રજીસ્ટર કરી આગળની તપાસ અમોને સોપતા અમોએ તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. તેમજ સદર ગુનાના કામે મેડીકલ સર્ટીફીકેટ મેળવી કામમાં સામેલ રાખેલ. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા આરોપીઓને અટક કરેલ અને નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયેથી હું ઓળખું છું. આજરોજ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ અને મેડીકલ સર્ટીફીકેટ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૨૦ થી આંક–૨૬ આપવામાં આવે છે."

ત્યારબાદ સદરહુ તપાસ કરનાર અમલદારની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે મારી તપાસમાં એવી હકિકત ખુલેલ કે આ કામના આરોપીઓ અને ફરિયાદી વચ્ચે મિલકત બાબતે સીવીલ તકરારો ચાલતી આવેલી છે. એ વાત ખરી નથી કે પંચોની તૈયાર પંચનામામાં પોલીસ સ્ટેશનમાં સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો મે મારી મરજી મુજબ લખી લીધેલા. એ વાત ખરી છે કે આ કામે ક્રોસ ફરિયાદ થયેલ છે અને તેની તપાસ પણ મે જ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે."

## (૯) મુદ્દા નં. ૧ ની ચર્ચા

સદર કામે તમામ સાહેદોની જુબાનીનો પુરાવો વંચાણે લીધો તેમજ તે અનુસંધાને બી.એન.એસ.ની કલમ – ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ ધ્યાને લીધી.

આમ, ઉપરોકત ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે જે પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ છે તે સમગ્ર પુરાવો ધ્યાને રાખી મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે આંક – ૧૧ થી PW – 1 ફરીયાદી લાલુભાઇ રાજુભાઇ નાયકાનાઓને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની જોવામાં આવે તો ધીરૂભાઇનાઓ રાજુભાઇ સાથે બોલાચાલી કરતાં હોવાનું જણાઇ આવે છે પરંતુ સદર સાહેદ પોતાની સરતપાસમાં સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનું જણાવે છે અને સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને સદર ફરીયાદી પોતાની ઉલટતપાસમાં આ બનાવમાં ફકત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ ન બનેલાનું અને બોલાચાલી થતી વખતે ધણા બધા માણસો ભેગા થઇ ગયેલા અને આ કામના આરોપીઓએ તેમને કે તેમના પિતાજીને કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાનું અને આ કામના આરોપીઓએ તેમને કે તેમના પિતાજીને નાલાયક ગાળો આપેલ ન હોવાનું કે કોઇ ધિકમુકકીનો માર મારેલ ન હોવાનું સ્વીકાર કરતા હોય ત્યારે સદર ફરીયાદીની જુબાની થકી આ કામના આરોપીઓએ ફરીયાદીને કે તેમના પિતાજીને જાનથી મારી નાખવાની ધમકી આપેલાનું કે નાલાયક ગાળો આપેલાનું કે ઢીકમુકકીનો માર મારેલાનું પુરવાર થતુ ન હોય જેથી સદર ફરીયાદીની જુબાની થકી ફરીયાદપક્ષનો કેસ તથા આરોપીઓ સામેનો આરોપ પુરવાર થતો નથી.

વધુમાં, આંક – ૧૩ થી PW – 2 સાહેદ રાજુભાઇ સુરજીભાઇ નાયકાનાઓને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની જોવામાં આવે તો

ધીરૂભાઇ તેમની સાથે બોલાચાલી કરતાં હોવાનું જણાઇ આવે છે પરંતુ સદર સાહેદ પોતાની સરતપાસમાં સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનું જણાવતા હોય અને સદર સાહેદ પોતાની ઉલટતપાસમાં બનાવમાં ફકત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનું અને બોલાચાલીમાં ધણા માણસો ભેગા થઇ ગયેલ હોય ધકકા મુકકી થતાં તેઓ નીચે પડી જતાં તેઓને સામાન્ય ઇજા થયેલાનું અને આ કામના આરોપીઓએ તેમને કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાનું અને આ કામના આરોપીઓએ તેમને નાલાયક ગાળો આપેલ ન હોવાનું કે કોઇ ધિકમુકકીનો માર મારેલ ન હોવાનું સ્વીકાર કરતા હોય ત્યારે સદર સાહેદની જુબાની થકી આ કામના આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપેલાનું કે નાલાયક ગાળો આપેલાનું કે ઢીકમુકકીનો માર મારેલાનું પુરવાર થતુ ન હોય જેથી સદર સાહેદની જુબાની થકી ફરીયાદપક્ષનો કેસ તથા આરોપીઓ સામેનો આરોપ પુરવાર થતો નથી.

વધુમાં, આંક – ૧૪ થી PW – 3 સાહેદ નમ્રતાબેન વિજયભાઇ નાયકાનાઓને તથા આંક – ૧૫ થી PW – 4 સાહેદ જયાબેન પ્રકાશભાઇ નાયકાનાઓને તથા આંક – ૧૬ થી PW – 5 સાહેદ મીનાબેન વિનોદભાઇ નાયકાનાઓને તથા આંક – ૧૭ થી PW – 6 સાહેદ નરેશભાઇ સુરજીભાઇ નાયકાનાઓને તથા આંક – ૧૮ થી PW – 7 સાહેદ સુમીત્રાબેન નરેશભાઇ નાયકાનાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ એકસમાન નિવેદનો આપેલ હોય તેઓની જુબાનીઓનું એકસાથે મુલ્યાંકન કરવામાં આવેલ છે અને તેઓની જુબાનીઓ જોવામાં આવે તો ધીરૂભાઇનાઓ રાજુભાઇ સાથે બોલાચાલી કરતાં હોવાનું જણાઇ આવે છે પરંતુ સદર સાહેદો પોતાની સરતપાસમાં સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનું જણાવતા હોય અને સદર સાહેદો પોતાની ઉલટતપાસમાં બનાવમાં ફકત સામાન્ય બોલાચાલી થયેલી તે

સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનું અને આ કામના આરોપીઓએ રાજુભાઇને અને તેમના દિકરા લાલુભાઇને કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાનું કે નાલાયક ગાળો આપેલ ન હોવાનું કે કોઇ ધિકમુકકીનો માર મારેલ ન હોવાનું સ્વીકાર કરતા હોય ત્યારે સદર સાહેદોની જુબાનીઓ થકી આ કામના આરોપીઓએ રાજુભાઇને અને તેમના દિકરા લાલુભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપેલાનું કે નાલાયક ગાળો આપેલાનું કે ઢીકમુકકીનો માર મારેલાનું પુરવાર થતુ ન હોય જેથી સદર સાહેદોની જુબાનીઓ થકી ફરીયાદપક્ષનો કેસ તથા આરોપીઓ સામેનો આરોપ પુરવાર થતો નથી.

વધુમાં, આંક–૧૯ થી PW – 8 તપાસ કરનાર અમલદાર જયેશભાઇ કોટાભાઇનાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં તેઓએ કરેલ તપાસને અનુરૂપ વિગતો જણાવેલ છે પરંતુ જયારે મુખ્ય ફરીયાદી તથા સાહેદોની જુબાનીઓ થકી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો ન હોય ત્યારે તપાસ કરનાર અમલદારનાઓની જુબાની સંપુર્ણ માની લેવામાં આવે તો પણ આરોપી સામેનો કેસ પુરવાર થતો નથી.

વધુમાં, આંક – ૨૦ થી આંક – ૨૫ સુધી મેડીકલ સર્ટીફીકેટો તથા આંક – ૨૬ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું આ કામે રજુ છે પરંતુ જયારે મુખ્ય ફરીયાદી તથા સાહેદોના પુરાવા થકી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ ન હોય ત્યારે ગૌણ પુરાવા પર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદા AIR 2001 (S.C) 1380 "Sohan v. State of Haryana" માં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, "21. An accused is presumed to be innocent until he is found guilty. The burden of proof, that he is guilty, is on the prosecution and that the prosecution has to establish

its case beyond all reasonable doubts. In other words, the innocence of an accused can be dispelled by the prosecution only on establishing his guilt beyond all reasonable doubts on the basis of evidence.”

કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર (**Beyond Reasonable Doubt**) પુરવાર કરવો પડે. આમ, ઉપરોકત તમામ ચર્ચા, કેસની હકીકત, રજૂ થયેલ પુરાવો તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતાં અત્રેની કોર્ટનું સ્પષ્ટ માનવું છે કે, આ કામે આરોપી વિરૂધ્ધનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આરોપીએ કહેવાતો ગુનો કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી.

**(૧૦)** આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામના આરોપીઓએ બી.એન.એસ.ની કલમ – ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો ગુનો કરેલ હોઇ તેવું પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ આ અદાલતનું માનવું છે. તેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી અને મુદા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

## **–// આ ખ રી હુ ક મ //–**

(૧) આરોપીઓ – (૧) ધીરૂભાઈ ડાહ્યાભાઈ નાયકા, (૨) તેજસભાઈ સુમનભાઈ નાયકા, (૩) લીલાબેન ધીરૂભાઈ નાયકા તથા (૪) જયશ્રીબેન

રવિન્દ્રભાઈ નાયકાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ – ૨૭૧ મુજબ બી.એન.એસ.ની કલમ – ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનાં ગુનાનાં આરોપમાંથી પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓના જામીનખત તથા બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસ.ની કલમ – ૪૮૧ અન્વયે અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે આરોપીઓએ રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના છ માસની મુદત માટે જામીન રજુ કરવાં.

(૪) સદર કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ લોખંડના ધારીયાનો અપીલ સમય વીત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૩મી માહે માર્ચ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૩/૨૦૨૬
મહુવા, જિ.સુરત

**(દેવાંશુ શર્મા)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડી.મેજી.ફ.ક.,**
**તા.મહુવા જિ.સુરત**
**કોડ નં.જીજે૦૧૬૧૯**